EDII

**Divya Bhaskar (City Bhaskar)**

June 03, 2019
Page No. 1

ઈન્ફોસિસના કો-ફાઉન્ડર ક્રિસ ગોપાલક્રિષ્ણને કહ્યું,

# વર્લ્ડ ઇકોનોમિક પ્રવૃત્તિઓનું એન્જિન છે આંત્રપ્રિન્યોરશિપ

## EDIIના 20માં પદવીદાન સમારોહમાં 92 વિદ્યાર્થીઓને પદવી અપાઈ



સિટી રિપોર્ટર cbamdavad@gmail.com

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા(ઈડીઆઈઆઈ)નો 20મો પદવીદાન સમારોહ ગઈકાલે ઈડીઆઈઆઈ કેમ્પસ ખાતે યોજાઈ ગયો જેમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમાં ઈન બિઝનેસ આંત્રપ્રિન્યોરશિપના 79 વિદ્યાર્થીઓ અને પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમાં ઈન ડેવલપમેન્ટ સ્ટડીઝના 13 વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી.આ સાથે પીએચ.ડી ફેલો પ્રોગ્રામના 2 વિદ્યાર્થીઓને પણ ડૉક્ટરેટ ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. પદવીદાન સમારોહના ચીફ ગેસ્ટ તરીકે ઈન્ફોસિસના કો-ફાઉન્ડર ક્રિસ ગોપાલક્રિષ્ણને હાજરી આપીને વિદ્યાર્થીઓને મોટિવેશનલ સ્પીચ આપી હતી. જેમાં તેમણે કહ્યુ કે, 'વૈશ્વિક આર્થિક પ્રવૃત્તિનું એન્જિન છે આંત્રપ્રિન્યોરશિપ. ઉદ્યોગસાહસિકતાના મુખ્ય 3 લાભો છે પહેલો ઉત્પાદકતામાં વધારો,નવીનતામાં વધારો અને ત્રીજો છે રોજગારીનું સર્જન. સ્ટાર્ટઅપ રોજગારીનું સર્જન કરતુ સેકટર છે આથી આપણે ઉત્પાદકતા વધારીને રોજગારીનું સર્જન કરવું જોઈએ.

ઈડીઆઈઆઈના ડિરેક્ટર સુનિલ શુક્લાએ કોન્વોકેશન સ્પીચ આપીને વિદ્યાર્થીઓને પોતાનો ઓન બિઝનેસ ડેવલપ કરવાની સલાહ આપી હતી. શ્વેતા બાલાચંદ્રન ન્યુએન્ટર પ્રાઈઝ ક્રિએશનમાં ગોલ્ડ મેડલ, પુજીતા ડેવલપમન્ટ સ્ટડીઝમાં ગોલ્ડ મેડલ, આશિયા બત્રાને ન્યુ એન્ટરપ્રાઈઝમાં સિલ્વર મેડલ અને ફેમેલી બિઝનેસ મેનેજમેન્ટમાં મેઘકુમાર શાહને સિલ્વર મેડલ એનાયત કરવામાં આવ્યા હતા.